અપીલ અરજી નં.૭૪,૭૫,૭૬ તા.૨૮–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અનેહો) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧–૪–૧૦, ૧–૪–૧૦ તથા ૫–૪–૧૦ ની અરજીથી સને ૧૯૯૯ થી માર્ચ ૨૦૧૦ સુધીમાં વર્ગ–૪ ના કર્મચારી અનફીટ થયેલ હોય તેમના આશ્રિતને રહેમરાહે નોકરી ઉપર નિમણુંક કરેલ હોય જેની જાતી અંગેની નામ અને ઉમર સહિત તેમજ એસ.સી જાતિ અને એસ.ટી જાતિના આશ્રિતને નોકરીમાં નિમણુંક માટે આપવામાં આવેલ ઉંમરની છુટછાટની માહિતી નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૫–૧૦ ની **SMC/FAP/** નં.૭૪,૭૫,૭૬/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧–૪–૧૦ , ૧–૪–૧૦ તથા ૫–૪–૧૦ ની અરજીથી સને ૧૯૯૯ થી માર્ચ ૨૦૧૦ સુધીમાં વર્ગ–૪ ના કર્મચારી અનફીટ થયેલ હોય તેમના આશ્રિતને રહેમરાહે નોકરી ઉપર નિમણુંક કરેલ હોય જેની જાતી અંગેની નામ અને ઉમર સહિત તેમજ એસ.સી જાતિ અને એસ.ટી જાતિના આશ્રિતને નોકરીમાં નિમણુંક માટે આપવામાં આવેલ ઉંમરની છુટછાટની માહિતી નકલ આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૪ તા.૨૯–૪–૧૦થી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. તથા આઈ ડી નં.૧ કતારગામઝોન, તા.૧–૪–૧૦ ના રોજ કરેલી અરજી બાબતે તા.૧૬–૬–૧૦ ના રોજ અપૂરતી માહિતી આપવા બાબત જણાવી અપીલ અરજી કરેલ છે. અરજદારની આઈ ડી નં.૧ તા.૧–૪–૧૦, આઈ ડી નં.૩ તા.૧–૪–૧૦ અને આઈ ડી નં.૮ તા.૫–૪–૧૦ ની અરજીનું વિષય વસ્તુ એક સરખી હોય તેમજ અરજદાર પણ એક જ હોય તેમજ અરજદારે પણ ત્રણેય અરજીઓ અંગે સંયુકત અપીલ કરેલ છે તથા અરજદારે તા.૧–૪–૧૦ ના રોજ આઈ ડી નં.૧ ની અપીલ બાબતે તા.૧૬–૬–૧૦ ના રોજ પણ અપીલ અરજી કરેલ છે. તેથી તે અંગે ત્રણેય અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૦ તા.૭–૬–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૮૪૧ તા.૧૦–૬–૧૦ થી અત્રેના વિભાગને નોંધ વિભાગ,આઈ ડી નં.૧,૩ અને ૮ ની મુળ અરજીની નકલ તથા તબદીલ પત્ર,અનફીટ થયેલ અરજદારના આશ્રિતનું નામ સરનામાની યાદી, સા.સ.ઠ. ૧૦૧/૯૯ તા.૨૨–૧–૯૯ ના ઠરાવની નકલ, અરજદારને માહિતી મેળવવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૭ તા.૨૬–૪–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૪ તા.૨૯–૪–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૧ તા.૧–૪–૧૦ ની અરજીથી સને ૧૯૯૯ થી આજ દિન સુધી ૨૦૧૦ નોર્થઝોન કચેરી તથા વોર્ડ કચેરી વર્ગ–૪ ના કર્મચારી અનફીટ થયેલ હોય તેના આશ્રિતને રહેમરાહેની નોકરી પર નિમણુંક કરેલ હોય જેની જાતિ અંગે ઉંમર અંગેની માહિતીની નકલ માંગતી અરજી કતારગામઝોનમાં કરવામાં આવેલ. જે કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૧૦૬ તા.૬–૪–૧૦ થી મ. માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર તમામઝોન ૨. પર્સોનલ ઓફિસર આરોગ્ય મહેકમ અને મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૪ તા.૧૬–૪–૧૦ થી આઈ ડી નં.૧ તા.૧–૪–૧૦ ની અરજીના સંદર્ભે માંગેલ માહિતી અંગેના દસ્તાવેજ પાના ની કુલ સંખ્યા ૨૪ ના રૂા.૪૮/– એકા. ઓફિસર મુગલીસરા ખાતે જમા કરાવ્યા બાદ તેની રસીદની નકલ આરોગ્ય મહેકમ વિભાગ કચેરીએ રજૂ કરવા જણાવવામાં આવેલ. ત્યાર બાદ માહિતી અને દસ્તાવેજો નકલ પૂરી પાડવામાં આવશે તેવું જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૯–૪–૧૦ ના રોજ રૂા.૪૮/– જમા કરાવેલ છે જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૧૨ તા.૮–૬–૧૦ થી સુરત મહાનગરપાલિકાના આરોગ્ય હસ્તક સને ૧૯૯૯ થી આજ દિન સુધી વર્ગ–૪ ના અનફીટ થયેલ કર્મચારીના આશ્રિતને રહેમરાહે નોકરી પર નિમણુંક કરવામાં આવેલ છે. તેમના નામ જાતિ ઉંમર સહિતની માહિતી દર્શાવતું પત્રક તથા આશ્રિત તરીકે નિમણુંક આપવામાં આવેલ ઉમેદવારની જાતિ અને ઉમરના પ્રમાણપત્રની નકલ કુલ ૨૪ પાના અરજદારને પૂરા પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૬–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરી અપૂરતી અને વિલંબથી માહિતી પૂરી પાડયાની રજૂઆત કરેલ છે. તેમજ આપેલ માહિતીમાં અનુક્રમ નં.૫,૯ અને ૧૦ ના અનફીટ કર્મચારીઓના આશ્રિતોની ઉંમર સા.સ.ઠ. નં.૧૦૧/૯૯ તા.૨૨–૧–૯૯ ની શરત–૫ મુજબ ૩૦ વર્ષ હોવી જોઈએ જે કરતાં તેઓની ઉંમર નિમણુંક વર્ષ –૨૦૦૩ માં વધારે છે અને શરત –૫ નો ભંગ કરેલ તેવું જણાવેલ છે. જે પ્રશ્ન અરજદારે આપેલ માહિતીમાંથી અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો રજૂ કરેલ છે. તથા તકરાર નિવારણને સ્પર્શતો છે. આઈ ડી નં.૩ તા.૧–૪–૧૦ ની અરજી વરાછાઝોનને કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૩ તા.૨–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. આઈ ડી. નં.૮ તા. ૫–૪–૧૦ ની અરજી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૩

તા. ૬–૪–૧૦ થી  જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી  તા.૧–૪–૧૦ ની અરજી સંદર્ભે પાના નંગ–૧૭ ના માહિતી અને દસ્તાવેજો અંગે રૂા.૩૪/– જમા કરાવવાનું તેમના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૭  તા.૨૬–૪–૧૦ થી ફરમાવવામાં આવેલ. આમ વિભાગ અને કચેરીમાં રકમ જમા કરાવ્યા પછી જરૂરી માહિતી અને દસ્તાવેજો ની નકલ આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે રસીદ નં.૩૭૯૭૬૮ તા.૨૯–૪–૧૦ થી રૂા.૩૪/– સેન્ટ્રલઝોન ખાતે જમા કરાવવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી / ૩૮૪ તા.૨૯–૪–૧૦ થી અરજદારની માહિતી માંગતી તા.૧–૪–૧૦ ની અરજી આઈ ડી નં.૧ અને ૩ ની  તા.૫–૪–૧૦ ની અરજી આઈ ડી નં.૮ રેકર્ડ ઉપર ચકાસણી કરતાં જાહેર માહિતી અધિકારી તરફથી અનફીટ કર્મચારીના આશ્રિતને આપવામાં આવેલ રહેમીયત નોકરી અંગે અનફીટ થતાં કર્મચારીનું નામ અને તેના આશ્રિતના નામ અને નંબર દર્શાવતી નકલો તેમજ સા.સ.ઠ.૧૦૧/૯૯ તા.૨૨–૧–૯૯ ના ઠરાવની નકલ પૂરી પાડવામાં આવેલ છે તથા આશ્રિતની જાતિ અને ઉંમર બાબતે સર્ટીફીકેટની નકલો રેકર્ડ ઉપર મળી આવેલ નથી. તેવું જણાવેલ છે. ઉપલબ્ધ નહીં હોવા બાબતે દફતરના નિકાલ કે નાશ બાબતની માહિતી કોઈ વિગતો જણાવેલ નથી. ઉલ્લેખનીય છે કે અરજદારે ૧૯૯૯ થી ૨૦૧૦ સુધીમાં આશ્રિત તરીકે નિમણુંક પામેલ કર્મચારીઓની વિગત માંગેલ છે. જાહેર કચેરીમાં કર્મચારી તરીકે નિમાયેલ વ્યકિતઓના જાતિ અને ઉંમરના દસ્તાવેજો તેમના સેવા કાળ દરમ્યાન નિમણુંક આપેલ કચેરી ખાતે હોવાનું અનુમાનિત છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ધ્વારા તેઓ કક્ષાએ ન હોય તેવી વિગતોના  પ્રમાણપત્રો અંગે અન્ય જાહેર જાહેર માહિતી અધિકારી અને તબદીલ કરેલ પણ જણાતું નથી. આ પૈકીની કેટલીક વિગતો  પ્રમાણપત્ર વિના પણ કચેરીની વેબસાઈટ પરથી પણ ઉપલબ્ધ થઈ શકે તે પ્રકારની ગણી શકાય તેમ છતાં તે અંગેની માહિતી કે પ્રમાણપત્રો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી નં.૧ અને ૩તા.૧–૪–૧૦ તથા આઈ ડી નં.૮ તા.૫–૪–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાતિ અને ઉંમરના સર્ટી. બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી માહિતી  તેઓના ઉપલબ્ધ દફતર પૈકી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને વિના મૂલ્યે પૂરી પાડવા અને તે પૈકી કોઈ માહિતીની નકલો અન્ય જાહેર માહિતી અધિકારી કક્ષાએ હોય તો તેઓ કક્ષાએથી મેળવી તેવી વિગતો દિન– ૧૫ માં વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને જણાવવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડેલ હોય તે અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી. તકરાર નિવારણ અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/ 
તારીખ :  –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,